## કૃષિ મહાવિદ્યાલય

## આણંદ કૃષિ યુનિવર્સિટી

**જબુગામ, તા: બોડેલી, જી. છોટા ઉદેપુર– ૩૯૧ ૧૫૫**

# કેળ પાક પરિસંવાદ

કૃષિ સંશોધન કેન્દ્ર, કૃષિ મહાવિદ્યાલય, આકૃયુ, જબુગામ ખાતે **કેળ યોજના, આકૃયુ, જબુગામ તથા ગુજરાત નર્મદા વેલી ફર્ટીલાઈઝર્સ લી., ભરૂચ** ના સહિયારા પ્રયાસથી તા. ૨૮/૦૯/૨૦૨૧ ને મંગળવાર ના રોજ એક દિવસીય **"કેળ પાક પરિસંવાદ"** યોજાયો હતો. આ કાર્યક્રમ છોટાઉદેપુર વિસ્તારના કેળ વાવતા ખેડૂતોને આધુનિક માર્ગદર્શન મળી રહે એ હેતુસર યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમનું ખૂબજ સુંદર આયોજન થયું હતું જેમાં ખેડૂતોઓએ ખૂબજ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆત મહેમાનોના ફૂલહારથી સ્વાગત તથા દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. સદર કાર્યક્રમમાં છોટાઉદેપુર જીલ્લામાંથી **કુલ ૧૨૦** જેટલા કેળ વાવતા ખેડૂતોએ પ્રત્યક્ષ ભાગ લીધો હતો, આ ઉપરાંત કાર્યક્રમનું યુટ્યુબ દ્વારા સોસીયલ મીડિયામાં જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું, જેમાં સમગ્ર ગુજરાતમાંથી લગભગ **૧૫૦** જેટલા કેળ વાવતા ખેડૂતોએ જીવંત પ્રસારણ નિહાળ્યું હતું. કાર્યક્રમમાં જી.એન.એફ.સી., ભરૂચ માંથી **શ્રી. જી. કે. પટેલ,** ચીફ માર્કેટિંગ મેનેજરશ્રી તથા કૃષિ મહાવિદ્યાલય, જબુગામના આચાર્યશ્રી **ડૉ. સુનીલ આર. પટેલ** ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત મધ્ય ગુજરાતના સીનીયર માર્કેટિંગ મેનેજર શ્રી. ડી. જે. અધવર્યું તથા અન્ય સ્ટાફ મિત્રો હાજર રહ્યા હતા. સીનીયર માર્કેટિંગ મેનેજર **શ્રી. ડી. જે. અધવર્યું** દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં અત્રેની કૃષિ મહાવિદ્યાલયના **આચાર્યશ્રી, ડૉ. સુનીલ આર. પટેલ** દ્વારા પ્રાસંગિક ઉદબોધન કરવામાં આવ્યું હતું. સદર પરિસંવાદમાં કૃષિ સંશોધન કેન્દ્રના વડા **ડૉ. એચ. સી. પરમાર,** સહ સંશોધન વૈજ્ઞાનિક દ્વારા **"કેળની આધુનિક તજજ્ઞતો"** વિષય પર વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. **ડૉ. વિનોદ બી. મોર,** મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક દ્વારા **"કેળમાં પોષણ વ્યવસ્થાપન"** વિષય પર ખૂબજ ઊંડાણ પૂર્વક માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત **શ્રી. જી. કે. પટેલ,** ચીફ માર્કેટિંગ મેનેજરશ્રી, જી.એન.એફ.સી., દ્વારા કંપનીના અલગ અલગ ઉત્પાદનો તથા લીંબોળી ખોળ અને નીમ કોટેડ યુરીયા વિષે માહિતગાર કર્યા હતા. **શ્રી. રીતેશ સોની,** જી.એન.એફ.સી., ભરૂચ દ્વારા ખેડૂતોને ટીસ્યુ કલ્ચરની અગત્યતા વિષયે માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમના અંતમાં ખેડૂતોના કેળને લગતા પ્રશ્નો તથા તેના વૈજ્ઞાનિકો દ્વારા જવાબો માટે સમય આપી, આભારવિધિ કરી સ્વરુચિ ભોજન લઇ બધા છુટા પડ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું આયોજન કેળ યોજના, આકૃયુ, જબુગામ તથા ગુજરાત નર્મદા વેલી ફર્ટીલાઈઝર્સ લી. , ભરૂચ ના સહિયારા પ્રયાસથી ડૉ. સુનીલ આર. પટેલ, આચાર્યશ્રી, જબુગામના સીધા માર્ગદર્શન હેઠળ **ડૉ. એચ. સી. પરમાર,** સહ સંશોધન વૈજ્ઞાનિક **તથા ડૉ. વિનોદ બી. મોર,** મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક દ્વારા કરવામાં આવ્યું હતું.

**જય ભારત, જય કિસાન**

# PHOTO GALLERY




















GNFC
" કેળ પાક પરિસંવાદ "
ગુજરાત નર્મદાવેલી ફર્ટીલાઈઝર્સ એન્ડ કેમીકલ્સ લી.
આપનું હાર્દિક સ્વાગત કરે છે.



# Jay Hind